અનુસંધાન... પાના પહેલાનું

પાકિસ્તાન માટે...

પર પણ હાવી થઈ રહી હોય તેમ જણાય છે. નિષ્ણાંતોનું કહેવું છે કે જે દેશ પોતાની રાજદ્વારી જીતનો દાવો કરતો હોય તે જો હોટલનું બિલ પણ સેટલ ન કરી શકે, તો તેની વિશ્વસનીયતા જોખમાય છે. આમ, શાંતિ મધ્યસ્થી તરીકે છબી સુધારવાનો પાકિસ્તાનનો પ્રયાસ ઉલટો તેને વૈશ્વિક સ્તરે નીચું જોવડાવનારો સાબિત થયો છે.

ચૂંટણીઓ બાદ...

બાદ આ દૈનિક નુકસાન ઘટીને રૂ. 1,600 કરોડ થયું છે.નોંધનીય છે કે એપ્રિલ 2022થી સરકારી કંપનીઓએ ભાવમાં કોઈ મોટો ફેરફાર કર્યો નથી, જ્યારે ખાનગી કંપનીઓ જેવી કે શેલ ઈન્ડિયા અને નાયરા એનર્જીએ ભાવ વધારવાનું શરૂ કરી દીધું છે. શેલ ઈન્ડિયાએ એપ્રિલમાં પેટ્રોલમાં રૂ. 7.4 અને ડીઝલમાં રૂ. 25નો વધારો કર્યો છે. અહેવાલ સૂચવે છે કે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ગમે ત્યારે સામાન્ય જનતા પર ભાવ વધારાનો બોજ આવી શકે છે.

ચર્ચાના મુખ્ય...

ભાગીદારીને તમામ ક્ષેત્રોમાં મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ."મોટા સોદાની તૈયારીઃ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો કે અઠવાડિયામાં ભારત અને અમેરિકા વચ્ચે ઊર્જા અને અન્ય ક્ષેત્રોમાં 'બિગ-ટિકિટ' (મોટા) સોદાઓની જાહેરાત થઈ શકે છે.

ચીનનો 4...

સુરક્ષામાં સંતુલનઃ સુરક્ષા એ વિકાસ માટેની પૂર્વશરત છે. તમામ પક્ષોએ ક્ષેત્રના દેશો માટે વિકાસનું સાનુકૂળ વાતાવરણ બનાવવા સાથે મળીને કામ કરવું જોઈએ.

નવા બિલની...

ચિંતાઓ અને વિવાદ

બંધારણીય સુરક્ષાઃ પંચના નિર્ણયોને કોર્ટમાં પડકારી શકાશે નહીં, જે જોગવાઈ પર સવાલો ઉઠી શકે છે.

ઓબીસી ક્વોટાઃ વિપક્ષી દળો મહિલા અનામતમાં ઓબીસી મહિલાઓ માટે અલગ ક્વોટાની માંગ કરી રહ્યા છે, જેનો હાલના ફ્રેમવર્કમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

સીટની ફાળવણીઃ વસ્તી વૃદ્ધિ દર અલગ-અલગ હોવાથી રાજ્યો વચ્ચે બેઠકોની વહેંચણી ફરીથી એક સંવેદનશીલ રાજકીય મુદ્દો બની શકે છે.

સરકાર લાવશે...

ફાળવણી કરવા માટે સીમાંકન પંચની રચના કરવાની સત્તા હશે.આ પંચમાં ત્રણ મુખ્ય સભ્યો હશેઃ અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયાધીશ (કેન્દ્ર દ્વારા નિયુક્ત), મુખ્ય ચૂંટણી કમિશનર અથવા તેમના દ્વારા નિયુક્ત ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યના ચૂંટણી કમિશનર. બિલમાં એક મહત્વની જોગવાઈ એ પણ છે કે જ્યારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) પરનો કબજો સમાપ્ત થશે, ત્યારે જમ્મુ-કાશ્મીર વિધાનસભાના સીમાંકન માટે ચૂંટણી પંચ પોતે સીમાંકન પંચ તરીકે કાર્ય કરશે.

મોદી અને ટ્રમ્પ...

વચ્ચે ઉર્જા ક્ષેત્ર સહિતના કેટલાક મોટા પાયાના સોદાઓ થવાની શક્યતા છે. આ વર્ષે બંને નેતાઓ વચ્ચે આ ત્રીજી ફોન પરની વાતચીત હતી. અગાઉ 2 ફેબ્રુઆરીએ વેપાર સોદા અંગે વાતચીત થઈ હતી અને 24 માર્ચના રોજ પણ પશ્ચિમ એશિયા મુદ્દે ચર્ચા થઈ હતી. વાતચીતના અંતે ટ્રમ્પે પીએમ મોદીને કહ્યું હતું કે, 'હું ઈચ્છું છું કે તમે જાણો કે અમે બધા તમને પ્રેમ કરીએ છીએ.'નોંધનીય છે કે આ વાતચીત વિદેશ સચિવ વિક્રમ મિસરીની વોશિંગ્ટન મુલાકાતના બે દિવસ બાદ થઈ છે. ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ અને અન્ય મુદ્દે સર્જાયેલા તણાવ બાદ બંને દેશો હવે સંબંધોને ફરીથી મજબૂત બનાવી રહ્યા છે. આ દિશામાં વધુ ચર્ચા માટે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો આવતા મહિને ભારતની મુલાકાતે આવશે અને એસ. જયશંકર સાથે બેઠક કરશે.

સંસદમાં ઐતિહાસિક...

કરવામાં આવશે. આ ફેરફાર નવી વસ્તી ગણતરી બાદ હાથ ધરવામાં આવનારી સીમાંકન પ્રક્રિયાના આધારે કરવામાં આવશે. 850 એ લોકસભાની બેઠકોની માત્ર ઉપલી મર્યાદા છે. બેઠકોની અંતિમ સંખ્યા સીમાંકન પંચ દ્વારા નક્કી કરવામાં આવશે. સપ્ટેમ્બર 2023માં સંસદે મહિલા અનામત કાયદાને પસાર કર્યો હતો જેને 'નારિ શક્તિ વંદન અધિનિયમ' નામ અપાયું છે. આ કાયદો લોકસભા અને રાજ્ય વિધાનસભામાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે.

આગામી 16 એપ્રિલથી શરૂ થતા સંસદના વિશેષ સત્રમાં રજૂ થનારા બંધારણીય સુધારા વિધેયક મુજબ, લોકસભામાં રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા સભ્યોની સંખ્યા વધુમાં વધુ 815 અને કેન્દ્રશાસિત પ્રદેશોના સભ્યોની સંખ્યા 35 સુધી હોઈ શકે છે. આ રીતે કુલ બેઠકો 850 સુધી પહોંચશે, જેમાંથી 33 ટકા એટલે કે 273 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આ અનામત બેઠકોની ફાળવણી રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના વિવિધ મતવિસ્તારોમાં રોટેશન પદ્ધતિથી કરવામાં આવશે. આ મહિલા અનામત પ્રારંભિક તબક્કે 15 વર્ષ માટે અમલમાં રહેશે, જેને સંસદ જરૂર જણાય તો આગળ વધારી શકશે. આ પ્રસ્તાવિત બિલમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે પણ એક-તૃતીયાંશ અનામતનો સમાવેશ કરવામાં આવ્યો છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને ચેતવણી આપી છે કે જો સીમાંકનથી રાજ્યને નુકસાન થશે તો 'મોટું આંદોલન' કરવામાં આવશે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડીએ પણ આ પ્રક્રિયાને અન્યાય ગણાવી વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસે આ બિલના ઈરાદાને દૂષિત ગણાવતા કહ્યું છે કે આનાથી સંસદીય લોકશાહીને મોટું નુકસાન થઈ શકે છે. હાલના કાયદા મુજબ, આ અનામત વર્ષ 2034 પહેલા લાગુ થઈ શકે તેમ ન હતું, પરંતુ સરકાર તેને વર્ષ 2029થી જ અમલી બનાવવા માંગે છે. આ માટે સરકાર ગુરુવારે લોકસભામાં બંધારણીય સુધારો, સીમાંકન કાયદો અને દિલ્હી, જમ્મુ-કાશ્મીર તથા પુડુચેરી જેવા વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશો માટેના વિશેષ બિલો રજૂ કરશે.

બિલ પસાર કરવાની પ્રક્રિયા

બંધારણીય સુધારા માટે સંસદના બંને ગૃહોમાં વિશેષ બહુમતી (કુલ સભ્યોના 50% થી વધુ અને હાજર રહી મતદાન કરનારના બે-તૃતીયાંશ) ની જરૂર પડશે. જ્યારે સીમાંકન કાયદો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેના બિલો સામાન્ય બહુમતીથી પસાર કરી શકાશે. લોકસભામાં હાલમાં એનડીએ પાસે 292 સાંસદો છે, જ્યારે મુખ્ય વિપક્ષી દળો પાસે 233 સાંસદોનું સંખ્યાબળ છે. સરકાર આ સુધારાને પસાર કરાવવા માટે પડદા પાછળની વાટાઘાટો કરી શકે છે.

અમેરિકા-ઈરાન...

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે આગામી 48 કલાકમાં બંને દેશો વચ્ચે મંત્રણાનો બીજો રાઉન્ડ ફરી શરૂ થઈ શકે છે. રાષ્ટ્રપતિએ 'ધ ન્યૂયોર્ક પોસ્ટ'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આ વાતચીત ગુરુવાર સુધીમાં પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં યોજાય તેવી પ્રબળ શક્યતા છે. ટ્રમ્પે આ માટે પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના ભરપૂર વખાણ કરતા કહ્યું હતું કે, "તેઓ અદભૂત કામ કરી રહ્યા છે, તેથી અમે ફરીથી ત્યાં (પાકિસ્તાન) જવાનું વધુ પસંદ કરી રહ્યા છીએ." મેરિકા અને ઈરાન વચ્ચે આગામી દિવસોમાં થનારી વાટાઘાટો માટે ઈસ્લામાબાદ અને જીનીવા બંનેને સંભવિત યજમાન શહેરો તરીકે ગણવામાં આવી રહ્યા છે. અગાઉ ગત સપ્તાહના અંતે ઈસ્લામાબાદમાં 21 કલાક લાંબી મેરેથોન વાટાઘાટો થઈ હતી, પરંતુ પરમાણુ સંવર્ધનના મુદ્દે ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ સમજૂતી ન થતાં તે નિષ્ફળ રહી હતી. આ નિષ્ફળતા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રે કડક વલણ અપનાવતા હોર્મુઝની સામુદ્રધુનિમાં નૌકાદળની નાકાબંધી જાહેર કરી દીધી હતી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) મુજબ, આ નાકાબંધી અત્યંત અસરકારક રીતે લાગુ કરવામાં આવી છે, જેના ભાગરૂપે છેલ્લા 24 કલાકમાં અનેક વ્યાપારી જહાજોને માર્ગ બદલવાની ફરજ પડી છે. આ વિસ્તારમાં હાલ 10,000 થી વધુ અમેરિકી સૈનિકો, 18 યુદ્ધ જહાજો અને 100 થી વધુ વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે.ટ્રમ્પ વહીવટીતંત્ર ઈરાન પર 20 વર્ષ સુધી યુરેનિયમ સંવર્ધન બંધ રાખવા માટે દબાણ કરી રહ્યું છે, જેથી તે પરમાણુ હથિયાર બનાવવાની ક્ષમતા વિકસાવી ન શકે. બીજી તરફ, તેહરાન માત્ર 5 વર્ષ માટે આ પ્રક્રિયા સ્થગિત કરવા તૈયાર છે. ઈરાનનું માનવું છે કે 20 વર્ષનો લાંબો ગાળો તેમના પરમાણુ સંશોધન અને ઊર્જા કાર્યક્રમો માટે અયોગ્ય અને અસહ્ય છે.

બલોચ લિબરેશન આર્મીનો નૌકાદળ પર પ્રથમ હુમલો

પાકિસ્તાની કોસ્ટ ગાર્ડના 3 સૈનિકોનાં મોત

બલોચ લિબરેશન આર્મી (BLA) એ પાકિસ્તાની સુરક્ષા દળો વિરુદ્ધ તેમની રણનીતિમાં મોટો ફેરફાર કરતા દરિયાઈ માર્ગે પ્રથમ વખત હુમલો કર્યો છે. આ હુમલામાં પાકિસ્તાનના ત્રણ કોસ્ટ ગાર્ડ જવાનો માર્યા ગયા છે. આ હુમલો બલોચિસ્તાનના ગ્વાદર જિલ્લાના જિવાની (Jiwani) વિસ્તાર નજીક, અરબી સમુદ્રમાં થયો હતો.

પાકિસ્તાની કોસ્ટ ગાર્ડની પેટ્રોલિંગ બોટ પાકિસ્તાન-ઈરાન દરિયાઈ સરહદ નજીક નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે BLA ના સશસ્ત્ર લડવૈયાઓએ અચાનક ગોળીબાર કર્યો હતો. BLA ની મીડિયા વિંગ 'હક્કલ' (Hakkal) દ્વારા બે મિનિટથી વધુ લાંબો વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં બલોચ બળવાખોરો સ્પીડ બોટ પર સવાર થઈને મશીનગન વડે પાકિસ્તાની જવાનો પર હુમલો કરતા જોવા મળે છે. સામાન્ય રીતે BLA જમીન પર હુમલા કરવા માટે જાણીતું છે, પરંતુ આ હુમલો દર્શાવે છે કે હવે સંગઠન પોતાની દરિયાઈ ક્ષમતા વધારી રહ્યું છે. પાકિસ્તાની પોલીસ અને ગુપ્તચર એજન્સીઓએ હુમલાની પુષ્ટિ કરી છે, પરંતુ અત્યાર સુધી આ મામલે સરકાર તરફથી કોઈ મોટી સૈન્ય કાર્યવાહીના અહેવાલ મળ્યા નથી.

બિહારમાં પ્રથમવાર ભાજપના નેતૃત્વવાળી સરકાર બનશે

બિહારમાં નવો રાજકીય અધ્યાય: સમ્રાટ ચૌધરી બનશે મુખ્યમંત્રી

સમ્રાટ ચૌધરી આજે સવારે 11 વાગ્યે લેશે શપથ, નીતિશ પુત્ર નિશાંત નાયબ મુખ્યમંત્રી બનવા તૈયાર નથી

સમ્રાટ ચૌધરીએ નીતિશ કુમારના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા

નીતીશકુમારને હટાવવા સમ્રાટે 22 મહિના કેસરી પાઘડી પહેરી હતી

બિહારના રાજકારણમાં એક નવા યુગનો આરંભ થયો છે. જે નેતાએ નીતિશ કુમારને સત્તા પરથી હટાવવાના સંકલ્પ સાથે 22 મહિના સુધી કેસરી પાઘડી ધારણ કરી હતી, તે સમ્રાટ ચૌધરી હવે બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. ઓગસ્ટ 2022માં જ્યારે નીતિશ કુમારે ફરી એકવાર ભાજપનો સાથ છોડીને 'મહાગઠબંધન' સાથે સરકાર બનાવી, ત્યારે ભાજપ માટે તે રાજકીય રીતે અપમાનજનક સ્થિતિ હતી. તે સમયે, બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે સમ્રાટ ચૌધરીએ કેસરી પાઘડી ધારણ કરી હતી અને નીતિશ કુમારને સત્તા પરથી હટાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. જાન્યુઆરી 2024માં નીતિશ કુમાર ફરીથી NDAમાં પાછા ફર્યા અને સમ્રાટ ચૌધરી નાયબ મુખ્યમંત્રી બન્યા. ત્યારબાદ 3 જુલાઈ, 2024ના રોજ, સમ્રાટ ચૌધરી અયોધ્યા ગયા, સરયુ નદીમાં સ્નાન કર્યું અને ભગવાન રામના ચરણોમાં પોતાની 22 મહિના જૂની પાઘડી અર્પણ કરી દીધી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેમનો સંકલ્પ નીતિશ કુમારને વિપક્ષી છાવણીમાંથી દૂર કરવાનો હતો, જે સફળ રહ્યો છે.

પટના, તા. 14 (પીટીઆઈ): બિહારમાં મંગળવારે એક નવા રાજકીય યુગની શરૂઆત થઈ છે. જેડીયુ (યુ) અધ્યક્ષ નીતિશ કુમારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ હવે બિહારમાં પ્રથમ વખત ભાજપના નેતૃત્વવાળી સરકાર બનવા જઈ રહી છે. એનડીએ વિધાયક દળની બેઠકમાં સર્વાનુમતે સમ્રાટ ચૌધરીને નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. શપથ ગ્રહણ સમારોહ બુધવારે સવારે 11 વાગ્યે લોકભવનમાં યોજાશે.

આ ઘટનાક્રમની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે જ્યારે નીતિશ કુમારે સમ્રાટ ચૌધરીને હાર પહેરાવ્યો ત્યારે ભાવિ મુખ્યમંત્રીએ તેમના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં ચૌધરી 'નાના મંત્રીમંડળ' સાથે શપથ લેશે, જેનું વિસ્તરણ આવતા મહિને કરવામાં આવશે. બીજી તરફ, એક રસપ્રદ વિગત એ સામે આવી છે કે એક મહિના પહેલા જ પક્ષમાં જોડાયેલા નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર નાયબ મુખ્યમંત્રી બનવા ઈચ્છુક નથી અને તેઓ સંગઠન મજબૂત કરવા પર ધ્યાન આપશે.

દિલ્હી ડાયરી...

છે, મારી રેસીપી છે... ટ્રાય કરો." બીજી તરફ, શાહની ઓફિસ વધુ ઔપચારિક વ્યવસ્થા જાળવી રાખે છે.

આસામની ચૂંટણીઃ કુન્કી ચૌધરી વિરુદ્ધ હિમંત બિસ્વા સરમા

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ચૂંટણીવાળા રાજ્યમાં રાજકીય ગરમાવો ત્યારે વધારી દીધો જ્યારે તેમણે વિપક્ષ આસામ જાતીય પરિષદ (એજેપી) ના લંડનથી ભણેલી ૨૭ વર્ષીય ઉમેદવાર કુન્કી ચૌધરીના માતા પર આક્ષેપો કરવાનું શરૂ કર્યું. તેમણે આરોપ લગાવ્યો કે તેમના માતા સોશિયલ મીડિયા પર બીફ ખાવાના ફોટા શેર કરે છે, 'સનાતન ધર્મ'ને પડકારે છે, જેલમાં બંધ વિદ્યાર્થી નેતાઓ શરજીલ ઇમામ અને ઉમર ખાલિદને ટેકો આપે છે, "ચિકન નેક કોરિડોર" કાપી નાખવાનું સમર્થન કરે છે અને દાવો કરે છે કે પાકિસ્તાન દુશ્મન દેશ નથી.

WANTED CHEMIST

Paints manufacturing unit situated at South Gujarat required qualified, experience, industrial paints manufacturing chemist. Candidate should have knowledge of Epoxy, Polyurethane paints. Apply with from bio data within seven days.

E-Mail ID:- falgun10@gmail.com

WANTED PRODUCTION SUPERVISOR

WE REQUIRES A PRODUCTION SUPERVISOR. THE CANDIDATE SHOULD BE GRADUATE / UNDER GRADUATE / HSC WITH COMPUTER LITERACY. HE MUST HAVE ABILITY TO HANDLE WORKERS, DISPATCH, DAILY PRODUCTION WORK. APPLY WITH FULL BIO-DATA WITHIN 7(SEVEN) DAYS TO:-

E-Mail ID:- falgun10@gmail.com

:: જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ **અલ્થાણ**, ના મોજે **ગામ : ભરથાણા કોસાડ**, ના **બ્લોક નંબર : ૧૮૫/અ** જેનું ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ **હે. ૦-૯૧ આરે ૪૭ ચો.મી.** આકાર રૂા. ૧૪.૩૮ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીકો **(૧) કિરણભાઇ હસમુખભાઇ પટેલ, (૨) ભરતભાઇ હસમુખભાઇ પટેલ,** એ પોતાની સ્વતંત્ર માલીકી અને સંયુકત કબજા ભોગવટા હેઠળની ખેતીની જમીનના ટાઇટલ ચોખ્ખા, અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઇ પણ વ્યકિત, બેંક, સંસ્થાનો કોઇ પણ પ્રકારે વાંધો વિરોધ હકક, હિત, હિસ્સો સંબંધ, કે દાવો હોય કે કોઇનો ભરણપોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો કે ગણોત હકક તથા વેચાણ દસ્તાવેજ કે સાટાખત કે અન્ય લખાણો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, કે અધિકાર નથી કે કોઇ પણનો ભરણપોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને અમારા અસીલ નાણાકીય વ્યવહાર કરી પાકો રજી.દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઇપણ વ્યકિત કે સંસ્થાની કોઇપણ જાતની તરતકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિત/ઇસમોને કોઇપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

૨૧૭, રાજહંસ શોપીંગ, બીજા માળ ઉપર, બરોડા પ્રીસ્ટેજ, વરાછા રોડ, સુરત-૬. મો. ૦૯૪૨૬૮-૩૬૩૭૭

એન. બી. સરધારા
તે ઉપરોકત જમીન ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ



આથી હમો નીચે સહી કરનારના ઈશ્વરભાઈ રઘુભાઈ પટેલ તથા રમીલા ઈશ્વરભાઈ પટેલ, બન્ને રહેવાસી : ૧૯૧-૧૯૨, ઈશ્વરનગર, પોલીસ કોલોનીની પાછળ, બમરોલી, સુરત તથા રમીલા ઈશ્વરભાઈ પટેલના બાજુમાં ફોટામાં દર્શાવેલ હમો બંને ના પુત્ર અંકીતકુમાર ઈશ્વરભાઈ પટેલ સાથે હમો કે હમારા પરિવારના અન્ય સભ્યો સાથે સીધી કે આડકતરી રીતે કોઈ જ લેવા દેવા કે નિસ્બત નથી. હમોનો પુત્ર હમારા કોઈપણ જાતના કહ્યામાં નથી. હમારી સ્થાવર તથા જંગમ માલ મિલકતમાં તેનો કોઈપણ પ્રકારનો હક્ક, અધિકાર કે હિસ્સો નથી, અને હમારા પુત્રને તમામ મિલકતોમાંથી બેદખલ કરીએ છીએ. તેઓ હમારુ ઘર છોડીને લાંબા સમયથી જતા રહેલ છે. હમારા પુત્રના ભુતકાળ તથા ભવિષ્યમાં નાણાકીય, વ્યવસાયિક તથા સરકારી, અર્ધ સરકારી અને સંસ્થાઓ સાથેના વ્યવહારો બાબતે હમોને કોઈ સીધી કે આડકતરી જવાબદારી રહેતી નથી. જો કોઈપણ વ્યકિત હમારા પુત્ર સાથે નાણાકીય આર્થિક, વ્યવસાયિક, સામાજીક વ્યવહાર કરેલ, કરાવેલ હશે કે કરશે તો તે જવાબદારી જે તે વહીવટ કે વ્યવહાર કરનાર પક્ષકારની રહેશે, તે અંગેની કોઈ પણ પ્રકારની જવાબદારી હમારી રહેશે નહી. જેની તમામ જાહેર જનતા તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

ઈશ્વરભાઈ રઘુભાઈ પટેલ તથા રમીલા ઈશ્વરભાઈ પટેલ

દિક્ષિકા જોશી (એડવોકેટ)
સરનામું: ૫/૪૦૧, ઇશિતા પાર્ક, અડાજણ, સુરત. મો. ૯૦૩૩૦ ૮૦૭૭૭

ટેન્ડર નોટીસ

સુરત યંગ મુસ્લિમ ગ્રેજ્યુએટસ એસોસીએશન (સિમ્ગા) સંચાલિત

સિમ્ગા સ્કુલ, સગરામપુરા, સુરત મુકામે તથા સિમ્ગા ઈંગ્લીશ સ્કુલ, રાહત કો.ઓ.હાઉસીંગ સોસાયટી, ગભેણી, ઉન, સુરત મુકામે.

નીચે મુજબનું કામ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન જરૂરીયાત મુજબ ટ્રસ્ટના નિયમોને આધિન મજૂરીથી અથવા મટીરીયલ સાથે કામ કરવાનું છે.
(૧) કલરકામ (અંદર તથા બહારની સાઈડ) મજૂરીથી અથવા મટીરીયલ સાથે સ્કવેરફીટના ભાવ સિમ્ગા સ્કુલ, સગરામપુરા, સુરત માટે. (૨) કલરકામ અંદરની સાઈડ મજૂરીથી અથવા મટીરીયલ સાથે સ્કવેરફીટના ભાવ (સિમ્ગા સ્કુલ, ઉન, સુરત માટે) (૩) ટેરેસપર પતરાનું કામ (સિમ્ગા સ્કુલ, ઉન, સુરત માટે) (૪) કોટા ફીટીંગ, ટાઈલ્સ, બ્લોક ફીટીંગ મજૂરીથી અથવા મટીરીયલ સાથે સ્કવેરફીટના ભાવ (૫) ફેબ્રીકેશન મજૂરીથી અથવા મટીરીયલ સાથે સ્કવેરફીટના ભાવ (૬) ઈલેકટ્રીક કામ પોઈન્ટ મુજબ ભાવ તથા રીપેરીંગ કામનો ભાવ (૭) પ્લમ્બરીંગ કામનો ભાવ (૮) નવું ફર્નિચર બનાવવાનો ભાવ તથા રીપેરીંગ કામનો ભાવ (૯) બીલ્ડીંગ રીપેરીંગ કામ સ્કવેરફીટના ભાવ
ભાવ પત્રક જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં સીલબંધ કવરમાં નીચેના સરનામે પહોંચાડવા.

ઓન.સેક્રેટરી શ્રી, સુરત યંગ મુસ્લિમ ગ્રેજ્યુએટસ એસોસીએશન (સિમ્ગા)
સિમ્ગા સ્કુલ, સગરામપુરા, સુરત. ફોન નંબર : ૯૮૭૯૧ ૮૫૯૭૮
(ટેન્ડર સ્વીકારવા તેમજ રદ કરવાના તમામ હકકો ટ્રસ્ટના રહેશે.)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકા ઓલપાડ, મોજે ગામ અટોદરાના **બ્લોક નં. ૩૭** વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૨-૪૫-૮૫ (હે.આરે.ચો.મી) જમીનમાં આયોજન કરવામાં આવેલ **"ઓલપાડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૧ "** ના નામથી ઓળખાતી બીનખેતીની જમીનમાં ઈન્ડસ્ટ્રીયલ તથા રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૩૨ વાળી મીલકતના હાલના માલીક **કનૈયાલાલ ઠાકોરદાસ પસ્તાગીયા** હોવાનું જણાવી સદરહુ મીલકતના સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની, હોવાનું જણાવી તેમજ સદરહુ મીલકત નો **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમે અનુક્રમ નં. ૬૫૦ થી તા. ૧૨-૦૫-૧૯૮૨ તથા તે વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશનની પાવતી** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનુ જણાવી મારા અસીલ પાસેથી કિંમતી વેચાણ અવેજ સ્વીકારીને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલ કરાવી લેનાર છે. માટે સદરહુ પ્લોટવાળી મિલકતમાં અન્ય કોઈ પણ ઈસમનો કોઈ પણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, લાગભાગ, દરદાવો, મોર્ગેજ, ટાંચ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૧૦** માં અમોને પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે સદરહુ પ્લોટવાળી મિલકતમાં કોઈનો કોઈ પણ પ્રકારનો હક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ માનીને અમારા અસીલ સદર પ્લોટવાળી મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તે પછી કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની સર્વએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા. ૧૪.૦૪.૨૦૨૬
ઠે. ૫૦૪, શુભમ કોમ્પલેક્ષ, આનંદ હોસ્પિટલની સામે, નાનપુરા, સુરત મો.નં. : ૯૮૨૫૧ ૨૫૬૬૭

અંકિત કે. ટેલર
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ, સબ-ડિસ્ટ્રીક્ટ ઓલપાડ તાલુકાનાં **મોજે ગામ : ઓભલાનાં ખેડખાતા નં. ૧, જેનો રે.સર્વે/બ્લોક નં. ૧૧૮** થી નોંધાયેલી જુની શરત વાળી ખેતીની જમીન, કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ **હે.આરે. ૩-૪૨-૯૭ ચો.મી.** છે તથા જેનો આકાર રૂા. ૪૬.૭૫ પૈસા છે તે ખેતીની જમીન **(૧) અશ્વિનકુમાર મનુભાઇ દેસાઇ, (૨) હર્ષિદાબેન અશ્વિનભાઇ દેસાઇ, (૩) કેતુલકુમાર અશ્વિનભાઇ દેસાઇ તથા (૪) અર્પિત અશ્વિનભાઇ દેસાઇ**ની સંયુકત માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી તથા સદરહું જમીન નકરજી, નબોજી, બીન તકરારી ચોખ્ખા ટાઇટલ કલીયર વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તથા વિશ્વાસ અને ખાત્રી આપી મારા અસીલને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઇનો હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન, વિગેરે હોય તો તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત હમોને મોકલી આપવા તથા સંપર્ક કરવો. સદરહું મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હક્ક હિત હિસ્સો, બોજો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન માલીકને સદરહું જમીનનો પુરેપુરો અવેજ ચુકવી મિલકતનો કબજો લઇ પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

તા. ૧૪/૦૪/૨૦૨૬
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

સંદીપ જે. સોજીત્રા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત, તાલુકા અડાજણનાં મોજે ગામ ઓખાનાં રે.સ.નં.૯૩/૨ બ્લોક નં.૮૨ કે જેનુ ક્ષેત્રફળ હે.આરે.૨-૮૭-૩૩ ચો.મી. ખાતા નં.૪૨૫, આકાર રૂ.૪૪.૭૫ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીનના માલીક **રાજેશ મનુપ્રસાદ ત્રિવેદી તથા મનિષકુમાર માધવજીભાઈ પટેલ**નાં નામે ચાલી આવેલ. સદર માલિક પાસેથી સદરહું જમીન અમારા અસીલ ખરીદવા માંગે છે. આથી સદર જમીનમાં તેના માલિક સિવાય અન્ય કોઈનો કંઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દર-દાવો કે લિયન કે કોઈપણ પ્રકારના હક્ક-હિસ્સો હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન સાત (૭) માં તેમના હક્ક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે ઓફિસ ટાઈમે લેખીતમાં જાણ કરવી. નોટીસની મુદત દરમ્યાન કોઈ વાંધા તકરાર નહી આવે તો ઉપરોક્ત મિલકતનાં માલિક પાસેથી અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને પછીથી કોઈપણ વ્યક્તિનો વાંધો વિરોધ ધ્યાનમાં લેવામાં આવશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

૨૦૭, બીજો માળ, વી પ્લાઝા કોમ્પલેક્ષ, ગજેરા સ્કુલની પાસે, કતારગામ, સુરત. મો. ૯૧૭૩૮ ૬૮૨૩૬ / ૮૨૦૦૦ ૫૧૭૧૫

અમારા અસીલની સુચનાથી
ચિરાગ એ. બરવાળીયા (એડવોકેટ)

વેચાણ અંગે જાહેર નોટીસ

મોજે ગામ અંબાડાના બ્લોક નં.૪૪૪/૧ વાળી ખેતીની જમીન અંગે

નવસારી ડિસ્ટ્રીકટ, તાલુકા નવસારી, મોજે ગામ અંબાડાના રે.સર્વે નં.૧૩૮/૨ પૈકી તથા ૧૩૮/૩ પૈકી, બ્લોક નં.૪૪૪/૧, જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે.૦-૮૫-૧૩ યાને ૮૫૧૩.૦૦ ચો.મી. છે તે ખેડખાતાની ખેતીની જમીનના એકલા સ્વતંત્ર, સંપુર્ણ માલીક મુખત્યાર કબજેદાર ગનાભાઈ ઉર્ફે પરભુભાઈ ઝીણાભાઈ આહિર તથા મંગાભાઈ ઉર્ફે મંગુભાઈ ઝીણાભાઈ આહિર ચાલી આવેલા હોવાનું તથા સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન અમારા અસીલને તમામ બોજાથી મુકત ટાઈટલ કલીયર વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હિત, હિસ્સો, લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક માનીને સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ તથા જરૂરી લખાણો અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૫/૦૪/૨૦૨૬
ઠેકાણું : બી/૭૦૭-૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

ઝીણાભાઈ જી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

મોજે : અંભેટી, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરતના બ્લોક નંબર : ૩૧૩ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ યાને તાલુકે પલસાણા ના મોજે **ગામ : અંભેટી** ના **રેવન્યુ સર્વે નંબર : ૧૯૬/૧+૨, બ્લોક નંબર : ૩૧૩, ખાતા નંબર : ૩૨૪** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૧-૧૫-૩૪ યાને ૧૧૫૩૪-૦૦ ચોરસ મીટર** છે અને જેનો આકાર **રૂા. ૯-૧૯ પૈસા** છે, તે જુની શરતની ખેતીની જમીનના સંપુર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **(૧) જગુભાઈ છીમકાભાઈ આહીર (૨) નાનુભાઈ છીમકાભાઈ આહીર** નાઓએ તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હક્ક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હક્કો સહિત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હક્કો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭ (સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હક્ક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦.૦૨.૨૦૨૬ ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
SAHAJ LEGAL LAW FIRM
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઓફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પ્લેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે.. ડી.સુરત, તા.ચોરાસી, મોજે ગામ: ખરવાસાના રવે.સર્વે નં.૧૧૫/૧, ૧૧૫/૨, ૧૧૫/૩-૨ જેનો બ્લોક નં.૧૪૬, જેનું ક્ષેત્રફળ હે.૦-૮૨-૯૭ પ્રતિ આરે ચો.મીટર, જેનો ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૬ (ખરવાસા- ખંભાસલા- સણીયાકણદે) માં સમાવેશ કરી તેને ફાયનલ પ્લોટ નં.૧૦૭, જેનું ક્ષેત્રફળ ૪૯૭૮ ચો.મીટર ફાળવવામાં આવેલ છે, તે બિનખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહીતની જમીન વૈશાલીબેન જયેશભાઈ પટેલ નાએ તેઓની માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત જમીન માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૫/૦૪/૨૦૨૬

ઓફીસ :-
૨૦૨,૨૦૩, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત.

ચંદ્રેશ જે. ગજેરા
તે ખરીદનારના એડવોકેટ.

તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર અને ગુજરાતદર્પણ સમાચારપત્રમાં મેમુનાબીબી હામેદખાં જાફરખાંએ તેઓના એડવોકેટ શ્રી મુકેશ એસ. પટેલ મારફતે મોજે ગામ ભાઠાના રે.સ.નં. ૬, બ્લોક નં.૫૬૫/બ તથા મોજે પાલના બ્લોક નં. ૪૪૭/અ તથા બ્લોક નંબર : ૪૪૭/બ તથા બ્લોક નંબર : ૯૫ વાળી જમીનો અંગે આપેલ જવાબ કમ ખુલાસાનો સાચો જવાબ તથા વળતી નોટીસ

મેમુનાબીબી હામેદખાં જાફરખાન ના એડવોકેટ શ્રી મુકેશ એસ. પટેલે મોજે ભાઠા ના બ્લોક નંબર : ૫૬૫/બ થી નોંધાયેલી જમીન સંબંધે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાન પત્રમાં તા.૨/૪/૨૦૨૬ ના રોજ એડવોકેટ શ્રી હિતેશ એલ. લાયવાલાનાઓએ આપેલ વેચાણ અંગેની જાહેર નોટીસ ના સંદર્ભમાં તા.૬/૪/૨૦૨૬ના રોજ જવાબ કમ ખુલાસો આપેલ છે તેમાં બિનજરૂરી તથા બદઈરાદાપૂર્વક હમોના અસીલ સોયેબખાન યુસુફખાન પઠાણ તથા તેમના પરીવારની કાયદેસરની માલીકીની ડીસ્ટ્રીકટ સુરત, તા.અડાજણના મોજે ગામ પાલના બ્લોક નંબર : ૯૫ તથા બ્લોક નંબરઃ ૪૪૭/અ નો ખોટી રીતે ઉલ્લેખ કરી જાહેર જનતાને ગેર રસ્તે દોરવા પ્રયત્ન કરેલ છે. મોજે ગામ પાલના બ્લોક નંબર : ૯૫ વાળી જમીન હમોના અસીલ તથા તેમના કુટુંબીઓ કાયદેસરની વારસાઈની રૂએ તથા અન્ય સહમાલીકોએ કરી આપેલ વેચાણ દસ્તાવેજને આધારે માલીક થયેલ છે, તથા મોજે પાલના મુળ બ્લોક નંબર : ૪૪૭ વાળી જમીન હમોના અસીલ તથા તેમના કુટુંબીઓ કાયદેસરના વારસાઈની રૂએ માલીક થયેલા અને ત્યારબાદ ૪૪૭ વાળી જમીનનું વહેંચણ થતાં બ્લોક નંબર : ૪૪૭/અ વાળો ભાગ હમોના અસીલ તથા તેમના કુટુંબીઓને હિસ્સે આવેલ અને ત્યારબાદ સદરહું બ્લોક નં. ૪૪૭/અ વાળી જમીન તેના કાયદેસરના માલીક તરીકે હમોના અસીલ તથા તેમના કુટુંબીઓએ રજી.વેચાણ દસ્તાવેજ થી ત્રાહીતને વેચાણ આપેલ. આમ, સદરહું જમીનોના દફતરે જે વારસાઈની તથા હકક કમીની તથા વહેંચણની તથા વેચાણની જે નોંધો પડેલ છે તે તમામ નોંધો કાયદેસરની પ્રક્રિયા અનુસરીને પાડવામાં આવેલ છે અને તે બાબતે કશું ખોટું થયેલ નથી તથા જે વેચાણ દસ્તાવેજો થયા છે તે પણ કાયદેસરના છે. સદરહું નોટીસ પ્રસિધ્ધ કરાવનાર મેમુનાબીબી એ મજકુર નોંધો તથા વેચાણ દસ્તાવેજો બાબત આજદિન સુધી રેવેન્યુ રાહે કે દિવાની રીતે કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. પરંતુ બદઈરાદાપૂર્વક હમોના અસીલને બદનામ કરવાના બદહેતુથી તથા ગેરકાયદેસરના નાણાં પડાવવાના બદઈરાદાથી ખોટી જાહેર નોટીસો પ્રસિધ્ધ કરાવતા આવેલા છે. આ અગાઉ પણ તેણીએ તા.૫/૧૦/૨૦૨૪ ના રોજ તેમના એડવોકેટ મારફતે હમોના અસીલને અંગત નોટીસ પાઠવેલ તથા તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ જેનો સાચો જવાબ હમોને અસીલે તેમના વકીલ મારફત પાઠવેલ. સદરહું હકીકત હોવા છતાં ફરીથી એડવોકેટ શ્રી મુકેશ એસ. પટેલ મારફતે હમોના અસીલની બદનક્ષી કરતી નોટીસ પાઠવેલ છે જેથી હમોના અસીલ તેણીની સામે કાયદેસરની કાર્યવાહી કરવાના છે. મેમુનાબીબીને જો કોઈ તકરાર તેમના ભાઈઓ સાથે હોય તો તે માટે હમોના અસીલ જવાબદાર નથી. વધુમાં મેમુનાબીબી ઉર્ફે જુબેદાબીબી ઉર્ફે ફાતમાખાતુને તા.૨૫/૧૦/૨૦૧૯ ના રોજ નોટરાઈઝડ એફીડેવીટ કરી આપેલ છે જે વાંચતા એ વાત સ્પષ્ટ થાય છે કે મેમુનાબીબી ઉર્ફે જુબેદાબીબી ઉર્ફે ફાતમાખાતુન જાતે કબુલ રાખે છે કે મજકુર ત્રણેય નામ તેણીનાજ છે અને તેણી મજકુર ત્રણેય નામથી ઓળખાતા આવેલા છે. હમોના અસીલ તથા પરીવારની જમીનમાં સદરહું નોટીસ પ્રસિધ્ધ કરાવનારનો કોઈ હકક હિસ્સો લાગતો નથી કે હમોના અસીલ કે તેમના પરીવાર વિરુધ્ધ આજદિન સુધી કોઈ એફ.આઈ.આર થયેલ નથી. ટુંકમાં એડવોકેટ શ્રી મુકેશ એસ. પટેલ મારફત હમોના અસીલ તથા તેમના પરીવારની જમીન અંગે જે આક્ષેપો કરેલ છે તે સાચા નથી ખોટા છે તેનાથી જાહેર જનતાએ ભરમાવવું નહીં, હમોના અસીલના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે અને તે બાબતમાં કશું પણ ખોટું થયુ નથી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હમારી સુચનાથી સોયેબખાન યુસુફખાન પઠાણ

હમારી મારફત **ચાવરહુસેન એમ. કાલા** (એડવોકેટ)
મોહંમદ અનસ યુસુફ વરીયાવા (એડવોકેટ)
સરનામું : શેખ કાલા સ્ટ્રીટ, રાંદેર, સુરત. મો.નં. ૯૮૨૫૩ ૭૯૦૧૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોજે ગામ : નંદાવ ના રેવન્યુ સર્વે નં. ૨૮૪, બ્લોક નંબર : ૨૩૭/બ તથા રી સરવે પ્રમોલગેશન બાદ ખાતા નં.૬૪૬ માં રી-સરવે નં.૩૦ જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૦૬-૨૨ ચો.મી. છે જેનો આકાર રૂા.૯.૯૯ પૈસા વાળી ખેતીની જુનીશરત વાળી જમીન હસમુખભાઈ કરશનભાઈ ભાલોડીયાના સ્વતંત્ર નામે વેચાણ હક્કે ચાલી આવેલ છે. સદરહું જમીનના અમો સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર હોઈ સદરહું મિલકત અમોની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી, અમો ઉપરોક્ત વર્ણનવાળી મિલકતનું વેચાણ કરવા માંગતા હોવાથી સદરહું મિલકતમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે અટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત સંબંધ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ (સાત) માં નીચે દર્શાવેલ સરનામે અમોના વકીલશ્રીને લેખિતમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે અટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી- પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત નથી તેમ માની અથવા જો હોય તો "વેવ" કર્યો છે તેમ માની લઈ અમો મજકુર મિલકતનો પાકો દસ્તાવેજ કે અન્ય લખાણો ખરીદનાર પક્ષકારને કરી આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના દર-દાવા કે તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા-વળગતાઓએ ગંભીરપણે નોંધ લેવી. સ્થળ : સુરત, તાઃ ૧૫/૦૪/૨૦૨૬

મારી મારફત
ધારાશાસ્ત્રી પ્રકાશકુમાર મથુરભાઈ કોરાટ
ઓફીસ નં.૨૦૩, ગોકુલમ આર્કેડ, રાઈઝઓન પ્લાઝાની બાજુમાં, સરથાણા, સુરત -૩૯૫૦૧૩ મો :૯૦૩૩૯૦૦૫૦૫ : dharashastri712@gmail.com

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, 2002 ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)
જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL) ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોં 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(2) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ જારી કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13(4) સાથે વંચાતા ઉક્ત નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવધ કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં દેવાદારનું ધ્યાન એક્ટની કલમ 13ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

ક્રમ	દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)નું નામ/ લોન એકાઉન્ટ નં./શાખા	સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત	માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.)	કબ્જો લીધાની તારીખ
1.	જગદીશભાઈ પ્રભાતભાઈ હરિજન/ તારાબેન જગદીશભાઈ હરિજન/ 059-05900213/ વાપી	બિન-ખેતીલાયક જમીન સર્વે નંબર 191, કોમ્પ્યુટરાઈઝડ સર્વે નંબર 191/41/Part-28 પર સ્થિત પ્લોટ નંબર B-17, ક્ષેત્રફળ 320.00 ચો.મી. વાળી તમામ સ્થાવર મિલકત, જે કુલ 32,881.00 ચો.મી. જમીનનો ભાગ છે, અને જેના પર "સાંઈ તક્ષ-સી" તરીકે ઓળખાતું RCC પ્રકારનું મકાન બાંધવામાં આવ્યું છે; અને ઉક્ત બિલ્ડિંગમાં, ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ફ્લેટ નં. G-1, ક્ષેત્રફળ 62.36 ચો.મી. (એટલે કે 671.00 ચોરસ ફૂટ), તેની સાથે જોડાયેલા તમામ હક, અધિકાર, હિત અને સુખસુવિધાઓ સહિત, જે ચરવાડા ગ્રામ પંચાયતની હદમાં, ગામઃ ચરવાડા, તાલુકોઃ વાપી, જિલ્લોઃ વલસાડ ખાતે આવેલ છે.	30-સપ્ટેમ્બર-21/ રૂ. 11,58,848/- અંકે રૂપિયા અગિયાર લાખ અઠાવન હજાર આઠસો અડતાલીસ પૂરા.	11-Apr-2026

તારીખઃ 15 એપ્રિલ, 2026
સ્થળઃ વાપી

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

પશ્ચિમ રેલવે દ્વારા ઉધના - સંતરાગાછી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

ટ્રેન નંબર	સ્ટેશનથી - સ્ટેશન સુધી	સેવાની તારીખ	ઉપડવાનો સમય	આગમન સમય
09073	ઉધના - સંતરાગાછી	17.04.2026 to 24.04.2026	11:25 કલાકે (શુક્રવાર અને બુધવાર)	21:00 કલાકે (બીજા દિવસે)
09074	સંતરાગાછી - ઉધના	19.04.2026 to 26.04.2026	00:05 કલાકે (રવિવાર અને શુક્રવાર)	10:00 કલાકે (બીજા દિવસે)

થોભવાના સ્થળોઃ નંદુરબાર, ભુસાવળ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડગપુર સ્ટેશનો. બંને દિશામાં.

કોચ કમ્પોઝિશનઃ સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

નોંધઃ ઉપરોક્ત ટ્રેન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે. સ્ટોપેજ, હોલ્ટ ટાઇમિંગ અને કમ્પોઝિશનની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટિકિટ બુકિંગઃ ટ્રેન નંબર 09073 માટે બુકિંગ 15.04.2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ રિઝર્વ્ડ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખવું.

જાહેર નોટીસનો જાહેર જવાબ સહીતની જાહેર ચેતવણી

મોજે નવાગામ, તા.કામરેજ, જી. સુરતની સીમમા આવેલ બ્લોક નં. ૧૬૫ હાલ નવો બ્લોક નં.૧૬૫/ક ની એન.એ થયેલી હે.૧-૨૬-૪૭ ચો.મી. જમીન બાબતે મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રહેવાસી-૪ થી લાઈન જુનાપરા વાડીની પાછળ, મહેસાણા, જી.મહેસાણાનાઓ તર્ફે એડવોકેટશ્રી ભુપેશ એલ. દુબે રહેવાસી-બી/૧૮ ટ્રેડ હાઉસ, માનદરવાજા સુરતનાઓ તર્ફે મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લેવા બાબતની નોટીસ તા.૧૦/૦૩/૨૦૨૬નાં ગુજરાતમિત્ર દૈનિક પેપર ના પાના નં.૨ ઉપર પ્રસિધ્ધ કરાવેલ છે. જેનો અમારા અસીલ નરેશ નવીનચંદ્ર શાહ રહેવાસી-રામવાડી, દહાણુ રોડ, મહારાષ્ટ્રનાઓ તર્ફે જાહેર જવાબ આપી જણાવીએ છીએ કે-સદર જાહેર નોટીસમાં લખેલ હકીકત તદ્દન ખોટી છે. સદર મિલકત અમારા અસીલની માલિકીની છે અને અમારા અસીલે કયારેય પણ મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ ને કોઈ બાનાખત કરી આપેલ નથી કે તેમને ઓળખતા નથી કે કયારેય પણ તેમને રૂબરૂ મળ્યા નથી અને તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ કામરેજ સબ રજીસ્ટ્રાર માં અનુક્રમ નંબર ૩૪૧૦ થી રજીસ્ટર્ડ થયેલ બાનાખત ખોટો અને બોગસ છે અમારા અસીલની જગ્યાએ કોઈ બોગસ ઈસમ ને ઉભો કરી મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલે બોગસ બનાખત બનાવેલ છે. અને જે બાબતે અમારા અસીલે કામરેજ પોલીસ સ્ટેશનમાં મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા તેમના સાક્ષીઓ તથા અમારા અસીલના નામનો દુરુપયોગ કરનાર બોગસ ઈસમ વિરૂધ્ધ ફોજદારી ફરીયાદ આપેલ છે વળી સદર મિલકત બાબતે મહે.કઠોરના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૩૯/૨૦૧૭ પેન્ડીંગ છે. તેથી મજકુર મિલકતમાં મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલનો કોઈ લાગ ભાગ કે હક્ક-હિસ્સો છે નહી. અને અમારા અસીલનો માલિકી અને સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલી આવેલો છે. અને મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલે અમારા અસીલના નામનો કોઈ બોગસ ઈસમ ઉભો કરી બાનાખત કરેલ છે. અને તેવા બોગસ ઈસમ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની પેરવી કરી રહેલ છે. આમ મજકુર મિલકત બાબતે પોલીસ ફરીયાદ પણ કરેલ હોય અને મજકુર મિલકત સબ જયુડીસ હોઈ જેથી અમારા અસીલની માલીકીની મિલકત બાબતે મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલનાઓ સાથે કોઈપણ વ્યકિતઓએ કોઈપણ પ્રકારનાં લખાણો, કરારો કે વ્યવહારો, સોદાચીઠ્ઠી કે સાટાખત, કે વેચાણ કરાર-વેચાણ દસ્તાવેજ કે લેવડ દેવડ કરવા કરાવવા નહી. કે સદર જમીન કે તેનો કોઈ પણ ભાગ ખરીદવો નહી. અને ખરીદ કરશે તો તેને તકરાર તથા દાવા દુવી સિવાય કશું પ્રાપ્ત થશે નહી. તેમજ સદર બ્લોક નં.૧૬૫/ક વાળી અમારા અસીલની માલીકીની મિલકત વેચાણ આપવાની નથી. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૮-આર.કે.પાર્ક, કીમ, તા.ઓલપાડ, જી. સુરત. મો.નં. ૯૮૨૫૮ ૫૭૩૦૯

મારી મારફતે **રાજેશ વી. પરમાર**
તે નરેશ નવિનચંદ્ર શાહ ના એડવોકેટ એન્ડ નોટીરી